પરિશિષ્ટ : ૩

રહસ્યમય ઘટનાઓનું ગૂંફન

એટલે 'ઓથાર'

Included in the UGC Approved List of Journals

SAHITYASETU
ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal

Website: http://www.sahityasetu.co.in

Year-9, Issue-4, Continuous Issue-52, July-August 2019

રહસ્યમય ઘટનાઓનું ગૂંફન એટલે 'ઓથાર'

અશ્વિની ભટ્ટ ગુજરાતી સાહિત્યના લોકપ્રિય નવલકથાકાર છે. અભિનય, દિગ્દર્શન, મનોવિજ્ઞાન જેવા વિષયોમાં રસ ધરાવનાર અશ્વિની ભટ્ટનો જન્મ 22 જુલાઈ 1936ના રોજ અમદાવાદમાં થયો હતો. તેમણે મરઘાઓને લડાવવા, લાકડાંના સ્ટૂલ વેચવા, ઈસબગુલ અને શાકભાજી વેચવા જેવાં અનેક કામો કર્યા હતા. લોકપ્રિય સાહિત્યનાં સર્જકોએ પોતાની વાત રજૂ કરવા માટે સ્વરૂપ તરીકે નવલકથાને જ પસંદ કરી છે, કારણ કે આ સ્વરૂપ પહેલેથી જ લોકોને પસંદ છે. અશ્વિની ભટ્ટની 'લજ્જા સન્યાલ', 'આશકા માંડલ', 'નીરજા ભાર્ગવ', 'શૈલજા સાગર', 'ફાંસલો', 'ઓથાર', 'અંગાર', 'આખેટ', 'કટિબંધ', 'આયનો', 'કસબ', 'કરામત', 'કમઠાણ' વગેરે નવલકથાઓ ખૂબ લોકપ્રિય બની છે. એમની ઈ.સ. 1988માં પ્રગટ થયેલી 'ઓથાર' નવલકથા ખૂબ વંચાઈ છે. સંદેશમાં સવા બે વર્ષ સુધી હપ્તાવાર પ્રગટ થયેલી આ નવલકથા 1857ના નિષ્ફળ બળવાની પાશ્વાદ્ભૂ પર આધારિત છે. નવલકથાની પ્રસ્તાવનામાં અશ્વિની ભટ્ટ જણાવે છે કે, "માનવસહજ એષણા, અભિલાષા, આકાંક્ષા અને આવેગથી ભરેલાં એ પાત્રોના જાહેર અને અંગત જીવનનાં સંઘર્ષ, મનોવ્યથા અને ઓથારની આ આત્મકથા છે...આ ઓથાર છે... જિગરને ગૂંગળાવી નાખે તેવા પ્રસંગોની અવિરત શૃંખલાનો... આ ઓથાર છે... જીવનનું સર્વસ્વ સમર્પિત કરતી અનુપમ સ્ત્રીઓનો... આ ઓથાર છે... ભુક્કા થઈ જતી જિંદગીનો..." (ભાગ-1, પૃ. 04)

'ઓથાર' એટલે પીડા. (ને ભય ?) આ નવલકથાનું દરેક પાત્ર ભય અને પીડા અનુભવે છે. સેજલસિંહને શરૂઆતે પિતાએ કરેલા દગાથી ઘણું દુ:ખ થાય છે. તો અંતે તે સાધુ બની જાય છે પણ ભૂતકાળના ઓળાં હંમેશા તેની સાથે રહે છે. ડૉ. કાન્તિ રામીના શબ્દોમાં જોઈએ તો, "જે ઓથાર એના હૃદયને દમે છે એ કેવળ પિતા વિશેના અજ્ઞાનનો જ નથી – પિતા વિશેની ચૂપકીદી કે કદીક એમના વિશેના કાને પડી જતા આક્ષેપોનો જ નથી. પ્રાપ્ત પરિસ્થિતિમાં પોતાની રીતે કશુંયે નહીં કરી શકવાની લાચારીનો અસહ્ય ઓથાર એ આપણાં સૌની જેમ–પ્રત્યેક સંવેદનશીલ વ્યક્તિની જેમ વહી રહ્યો છે, સહી રહ્યો છે." (ભગ-1, પૃ.07) એક બાજુ પોતાની પ્રેયસી છે જેના વિના તે રહી શકતો નથી ને બીજી બાજુ ગ્રેઈસ છે જેની સાથે અનિચ્છાએ લગ્ન માટે તૈયાર થવુ પડે છે. ગ્રેઈસ તેને પ્રથમ દર્શને જ ગમી ગઈ હતી પણ તે માત્ર પુરુષસહજ આવેશ હોય છે. પોતાનું જીવન બની ચુકેલી, આત્મામાં કંડારાયેલી સેનાની તોલે એ હરગિઝ ન આવે. છતા સેનાને પ્રાપ્ત ન કરી શકવાનો સેજલના હૃદયનો ઓથાર દુર્નિવાર છે.

Editors: Dr. Naresh Shukla, Prof. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher:Dr. Tanvi Shukla

રાજેશ્વરીદેવી યુવાનવયે જ પતિને ગુમાવે છે છતાં પતિની ઈચ્છા પુરી કરવા સતત પ્રયત્નશીલ રહે છે પણ ખેરાસિંહ, બાબા હરિભગત જેવાં પાત્રો તેને પતિની જેમ જ દગાખોર માને છે. બાલીરામજી ચાણક્યની માફક રાજરમત રમે છે અને રાજમહેલને ટકાવી રાખવામાં નોંધપાત્ર ફાળો આપે છે છતાં તેમને અંગ્રેજોને તાબે રહેવાનું થાય છે તેની પીડા તેઓ સતત અનુભવ્યાં કરે છે. સેના બારનીશ અને ગ્રેઈસ કેમ્પબેલ નવલકથાની નાયિકાઓ છે. બન્નેની પીડા પણ અનોખી છે. બન્ને સેજલને પ્રેમ કરે છે અને સેજલ સાથે લગ્ન કરવા માંગે છે પણ સેજલનું ગ્રેઈસ તરફનું આકર્ષણ માત્ર દૈહિક હોય છે તેથી ગ્રેઈસને દુ:ખ થાય છે જ્યારે સેનાને તો સેજલ ખરા દિલથી પ્રેમ કરે છે પણ અંગ્રેજોના કારણે તે સેજલને પરણી શકતી નથી. તેને એકલું પહાડીઓમાં રહેવું પડે છે. નવલકથાના આરંભે સેજલ પોતાની માને પિતા વિશે પ્રશ્ન કરે છે અને રાજેશ્વરીદેવીને જે પીડા થાય છે એવી જ પિડાનો અનુભવ નવલકથાને અંતે સેનાને થાય છે જ્યારે તેના બાળકો પ્રશ્ન કરે છે કે, “કહેને મા, હવે તો કહે, મારા બાપુએ જાનોરના જંગમાં શું કર્યું હતું.” (ભાગ–2, પૃ.547) ખેરાસિંહ કટંગીને મેળવવા કંઈ પણ કરી છૂટવા તૈયાર છે પણ જ્યારે તેને ખબર પડે છે કે એંગ્લોઈન્ડિયન જેક તેનો ભાઈ છે ત્યારે તેને જે પીડા થાય છે તે અવર્ણનીય છે. જીવનના અંતિમ સમયે પણ તેને શાંતિ મળતી નથી. કારણ કે તે ઠાકુર હોવા છતાં રાજ્ય મેળવી ન શક્યો, રજપૂતાણીની કૂખે જન્મ્યો છતાં તેનું ગૌરવ ન મળ્યું, સેનાને ખરા હૃદયથી ચાહતો હતો તે તેને પણ પ્રાપ્ત કરી ન શક્યો. અને એ ઓથાર હેઠળ તે જિંદગીનો હોંસલો ખોઈ બેસે છે ને આપઘાત કરે છે. સંતોજી બારનીશ તો સેનાના લગ્ન કરાવી તેના બાળકોને ખભે બેસાડી પહાડીઓમાં ફરવા લઈ જવાની મહેચ્છા રાખતા હતા પરંતુ જીવનની અંતિમ ક્ષણોમાં ભૂતકાળને યાદ કરી જે લવારો કરે છે તેમાં તેમની પીડા વર્તાય છે.

લોકપ્રિય સાહિત્ય એટલે લોકોમાં પ્રિય એવું સાહિત્ય. લોકપ્રિય સાહિત્યમાં રહસ્યમય બનાવ, રહસ્ય ખૂલતુ હોય તો તેને છૂપાવવાની મથામણ, ખૂન, બલાત્કાર, ખૂલ્લા જાતિય વર્ણનો, પ્રેમ, હિંસા જેવાં તત્ત્વો દ્વારા મસાલેદાર ઘટનાઓ હોય છે જે વાચકને ઉત્તેજે છે, કુતુહલ જગાડે છે અને તેની તૃપ્તિ કરે છે. રહસ્ય એ લોકપ્રિય નવલકથાનું મહત્ત્વનું લક્ષણ છે. ‘ઓથાર’નો આરંભ જ રહસ્યાત્મક રીતે થાય છે. નવલકથાના આરંભે સેજલસિંહની આગળ પિતાની રહસ્યમય છબિ પ્રગટ થાય છે. હિંદુસ્તાનના વિપ્લવમાં અંગ્રેજોને પડખે રહીને વિક્રમસિંહે દેશને દગો કર્યો હતો કે નહિ એ વિશે સેજલસિંહ જાણવા માંગે છે પણ વૃદ્ધ નોકર ધાનોજી, માતા રાજેશ્વરીદેવી કે મંત્રી બાલીરામ કશું જ કહેતા નથી. સેજલને અંગ્રેજી શીખવનાર ફાધર કેડવેલ, રેસિડેન્સીનો કેપ્ટન સ્ટેન્લી, ડૉ. હ્યુસન, દીવાન બાલીરામજી વિક્રમસિંહના ખૂબ વખાણ કરે છે તો ખેંરાસિંહ તથા અન્ય પ્રજા તેમને ‘અંગ્રેજનાં પીઠ્ઠુ’ કહે છે. ને એટલે જ સેજલસિંહનાં મનમાં અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે જે પોતાની માતા આગળ ફૂટી નીકળે છે, “મારા બાપુએ દગો શા માટે કર્યો... શા માટે મોમ ? આપણી પાસે શું નહતું ? મોમ, અંગ્રેજોએ શું લાંચ આપી હતી ? મેકલ પહાડીની જાગીર માટે ? પચાસ હજાર રૂપિયા માટે ? મોમ, મારા બાપુ એટલા સસ્તા હતા... એટલા હલકા હતા... કહેને... બોલતી કેમ નથી... તો એ વાત સાચી છે ને ? બાવનમી પલ્ટનમાં ફૂટ પડાવનાર મારા બાપુ જ હતા ને ?” (ભાગ–1, પૃ. 22) ઉપરાંત શંકરશાહ વિશે પણ જુદાં જુદાં મતો પ્રવર્તે છે. ફાધર કેડવેલ તેમને નાલાયક ને બાગી કહે છે, પણ ધાનોજીના મતે શંકરશાહ તો શંકર જેવો ભલો, દેવતા જેવો રાજા હતો. એટલે ખરેખર શંકરશાહ કેવો રાજા હતો એ રહસ્ય જાણવા માટે નવલકથા આપણને જકડી રાખે છે. સેજલને કોઈ ગંભીરતાથી લેતું નથી. તેને નાનું બાળક ગણી અવગણવામાં આવે છે. સેજલસિંહ પોતાને નિ:સહાય અનુભવે છે ને એટલે જ પોતાની જાતને પ્રભાવક બનાવવા માટે તે એક પછી એક સાહસો કરે છે. રહસ્યમય ઘટનાઓના ગૂંફ એક પછી એક રજૂ થયા કરે છે. બર્ક તથા દીનમણીની હત્યા રહસ્યમય રીતે કરવામાં આવે છે. સાર્જન્ટ બર્ક અને દીનમણી પાંડેની હત્યા કેમ થઈ ?, કઈ રીતે થઈ ? તે રહસ્ય આપણને

Editors: Dr. Naresh Shukla, Prof. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr. Tanvi Shukla

ખેંચી રાખે છે. સર પૉવેલનું ખૂન પણ કૂતુહલ જગાવે છે. તો જેક મેકગ્રેગર–એક એંગ્લો ઈન્ડિયન ખેરાસિંહ બરવાનો ભાઈ કઈ રીતે થાય છે એ રહસ્ય પણ એક ફિલ્મી કથા જેવું છે. આ ઉપરાંત રાજેશ્વરીદેવી અને બાલીરામજી જાનોર તથા ખજાનાને બચાવવા માટે જે જે રીતે કાર્યો કરે છે તે નોંધપાત્ર છે. તેમનું ખરું વ્યક્તિત્વ અંગત માણસો જ જાણે છે જ્યારે પ્રજા એનાથી અજાણ છે પણ નવલકથા જેમ જેમ આગળ વધે છે તેમ એ રહસ્ય પણ ખૂલતું જાય છે કે રાજેશ્વરીદેવી અંગ્રેજો સાથે રહીને પણ જાનોરની પ્રજાનું હિત જાળવે છે.

લોકપ્રિય સાહિત્યનાં લક્ષણોમાનું એક લક્ષણ છે પ્રણય. 'ઓથાર'માં પ્રણયનું તત્ત્વ પણ વણી લેવામાં આવ્યું છે. અહીં સેના અને ગ્રેઈસનો સેજલ સાથેનો પ્રણય જોવા મળે છે. સેજલ વિદ્યાર્થીકાળમાં ગ્રેઈસને મળે છે ત્યારે તેનાથી આકર્ષાય છે પણ તે માત્ર દૈહિક આકર્ષણ હોય છે. જ્યારે સેના સાથેનો તેનો પ્રણય માત્ર દૈહિક આકર્ષણ નથી હોતો. સેનાને પ્રાપ્ત કરવા માટે તે કંઈ પણ કરી છૂટવા તૈયાર છે. રાજેશ્વરીદેવી દ્વારા તેને કેઈનના પાંચ ફટકાની સજા થાય છે અને તેની ઘોડા પર બેસી શકે તેવી હાલત નથી છતાં સેનાને મળવા માટે તે છેક ભેડાઘાટ જાય છે. ભેડાઘાટના સંગેમરમરોની સાખે તેમનો પ્રણય પૂરબહારમાં ખીલે છે. "જિંદગીમાં સેનાથી વધુ મને કંઈ પ્રિય નથી... જાનોર પણ નહિ... મારી મોમ પણ નહિ..." (ભાગ–2, પૃ. 518) અહીં સેજલનો સેના પ્રત્યેનો અગાધ પ્રેમ જોઈ શકાય છે. સેના જાણે છે કે સેજલ સાથે તેના લગ્ન કોઈ કાળે થવાના નથી તેમ છતા તે સેજલ પ્રત્યેના પોતાના પ્રેમમાં ક્યારેય ઓટ આવવા દેતી નથી. તો ગ્રેઈસ ગ્વાલિયરમાં પ્રથમવાર સેજલને મળે છે ત્યારથી જ તેના પ્રેમમાં પડે છે. તે જાણે છે કે સેજલ સેનાને ચાહે છે છતાં પણ તેને જાનોરની રાણી બનવાનાં અભરખાં છે. એટલું જ નહિ તે સેજલના બાળકની મા બનવાની હોય છે છતાં એના દ્વારા તે સેજલને મેળવવા માંગતી નથી અને જ્યારે સેજલ સામેથી તેની સાથે લગ્ન કરવાનું કહે છે ત્યારે પોતે તેના બાળકની મા બનવાની એ વાત જણાવે છે. જીના અને જેકનો પ્રણય પણ નોંધપાત્ર છે. નવલકથામાં આવતા ખૂલ્લા જાતિય વર્ણનો પણ નોંધપાત્ર છે. "તેના લાંબા કાળા વાળની સેર, તેના સ્તનયુગ્મ પર થઈને તેના ગોઠણ પર રમતી હતી... નિતંબથી તે ગોઠણ સુધી ખેંચાયેલા તંગ સ્નાયુઓનો આકાર, મરુન રંગના સ્કર્ટ હેઠળથી સ્પષ્ટ થતો હતો અને ઉન્માદક સંવેદન જગાવતો હતો." (ભાગ–1, પૃ. 232), "મેં સેનાને બંને ખભેથી પકડી. તેની આંખોમાં જોયું ... તેનાં પાતળાં પોપચાં અને સુંવાળા વાળવાળી લાંબી પાંપણો મિચાઈ. તેના હોઠ ફરક્યા. અનંગ આવેગથી મેં તેને મારા બંને બાહુઓ વચ્ચે સમાવી લીધી. ઝૂકીને, પહેલાં ધીરેથી અને પછી એક પ્રલંબ ઉશ્કેરાટથી તેના હોઠ પર ચુંબન લીધું..." (ભાગ–1, પૃ. 248/49)

નવલકથામાં સંઘર્ષનું તત્ત્વ પણ જોવા મળે છે. બાહ્ય સંઘર્ષની સાથે આંતરિક સંઘર્ષ પણ એટલી જ તીવ્રતાથી રજૂ થયો છે. સેજલસિંહના હૃદય પરનો ઓથાર સીધો સાદો નથી ! ત્રિસ્તરીય એવા આ ઓથારનું એક કારણ છે સેજલસિંહનાં હૃદયમાં જ જાગેલો સંઘર્ષ અને તે સેના અને ગ્રેઈસને લીધે. સેના તેની ડ્રીમ ગર્લ છે પણ જાનોરને બચાવવા માટે તેણે નાછૂટકે ગ્રેઈસ સાથે લગ્ન કરવા માટે તૈયાર થવું પડે છે. નવલકથાના અંત ભાગમાં તેનો ચહેરો કુરૂપ બને છે પણ તેના માટે એની કુરૂપતા કરતાં પણ વધુ અસહ્ય વસ્તુ છે એણે સેનાને ગુમાવીને જીવવાનું છે એ. એટલું ઓછું હોય તેમ સેનાને પ્રેમના અંશરૂપે બે દીકરા જન્મે છે જે પોતાના છે પણ સમાજને એની ઓળખ અપાઈ છે ખેરાના દીકરાઓ તરીકેની ! સેજલ પોતે જીવતો હોવા છતાં પોતાની ઓળખ પ્રગટ કરી શકતો નથી ત્યારે સંઘર્ષ અને કરુણતાની પરાકાષ્ઠા જોવા મળે છે.

નવલકથામાં યુદ્ધ અને નાના–મોટાં ધિંગાણાં પણ થાય છે. સેજલસિંહની યોજના પ્રમાણે જીનાનું અપહરણ કરી તે અને તેના સૈનિકો મેકગ્રેગરના ઘોડા સંતોજી બારનીશને આપવા જાય છે ત્યારે ખેરાસિંહ અને સેજલ વચ્ચે, કેન્ટોમેંટની જેલ તોડતી વખતે જો ગિબ્સન અને સેજલ વચ્ચે તથા કેદીઓ અને સૈનિકો વચ્ચે ઘર્ષણ થાય છે તો ગોલાકી મઠ પર અંગ્રેજો અને પિંઢારીઓ તથા દેશી સૈનિકો વચ્ચે ઘમાસાણ યુદ્ધ થાય છે. રહમતમીરખાન પણ જાનોર પર આક્રમણ કરીને લૂંટફાટ કરે છે.

ઈતિહાસ પણ લોકપ્રિય નવલકથાનું એક લક્ષણ કહી શકાય. ઈતિહાસ દરેકને ગમતો હોય છે. પોતાનો ઈતિહાસ બીજાને કે પોતાની પાછલી પેઢીને કહેવાનું માત્ર સર્જકને જ નહિ સામાન્ય માણસને પણ ગમતું હોય છે. 'ઓથાર' ઐતિહાસિક નવલકથા નથી પરંતુ તેમાં કેટલાંક ઐતિહાસિક તત્ત્વો જોઈ શકાય છે. ઐતિહાસિક નવલકથામાં સમય, સ્થળ અને સાલવારીનો ચોક્કસ નિર્દેશ જોવા મળે છે. પણ અહીં એવો કોઈ નિર્દેશ કે સૂચન કરવામાં આવ્યું નથી. 1857ના નિષ્ફળ વિપ્લવ પછીનાં સમય પર આ નવલકથા લખાઈ છે એટલું જ જણાવામાં આવ્યું છે. પરંતુ તેમાં કેટલિક ઘટનાઓ એવી છે જેમાં ઈતિહાસની આછી–પાતળી ઝલક જોવા મળે છે. નવલકથાના આરંભે સેજલસિંહ જ્યારે પોતાના રાજ્યમાં ફરવા નીકળે છે ત્યારે રાણોજી અને તેના બે ભત્રીજાને ખુલ્લાં મોઢે ફાંસી અપાતી જૂએ છે. અહીં અંગ્રેજ સત્તા વખતે આ રીતે લોકોને ખુલ્લાં મોઢે ફાંસી આપવામાં આવતી હતી તે જોઈ શકાય છે. પરંતુ રાણોજી અને તેના બે ભત્રીજા એ ઐતિહાસિક પાત્રો છે કે નહિ ? એવો પ્રશ્ન કરી શકાય. અશ્વિની ભટ્ટે આ નવલકથામાં દસ્તાવેજો પણ રજૂ કર્યા છે. સેજલસિંહ જ્યારે ગજનને સાથે લઈને જાનોરની નગરરચના જોવા નીકળે છે ત્યારે નગરરચનાનું જે વર્ણન આવે છે તે અગત્યનું છે. મંગલચોક, ગૌડશૈલીમાં બંધાયેલી શહેરની દિવાલો, શહેરનાં છ ખૂણાંઓ અને છ દરવાજાઓ વગેરેના વર્ણનમાં ઈતિહાસની ઝલક જોઈ શકાય છે. ઉપરાંત સેજલસિંહનાં પિતા દગાબાજ ન હતા એ સેજલસિંહને જણાવવા ભુવનસિંહ આખો ઐતિહાસિક સંદર્ભ સંભળાવે છે. એમાં મુસલમાનોનાં સામ્રાજ્યની સ્થાપના, મરાઠીઓનું આગમન, પિંઢારાઓની લૂંટ, અને છેલ્લે અંગ્રેજોએ કેવી રીતે ભારતમાં પોતાનું પ્રભુત્વ જમાવ્યું તે ઐતિહાસિક ક્રમ જણાવે છે. અંગ્રેજોએ કેવી રીતે ધીરે ધીરે પગપેસારો કર્યો, ઝાંસીને તાબે કર્યું, પેશ્વાને હરાવ્યો, તાત્યાને હરાવ્યો અને શંકરશાહને પણ માર્યો એ આખો ચિતાર રજૂ થયો છે. નવલકથામાં આવતો ખજાનો–મુગલ અમાનત જે શાહજહાં, અકબર, શહેનશાંહ વગેરેની અમાનત હોય છે. આ અમાનત ઈતિહાસમાં ઘણી જાણીતી છે. તેને બચાવવા માટે જ વિક્રમસિંહ દગાબાજ હોય એવો કેપ્ટન સ્ટેનલીને પોતે જ પત્ર લખે છે. જાનોરના રાજ્યનો કાંગરો પણ ન ખરે તેવી રીતે તેમણે અંગ્રેજો સાથે પાનો પાડ્યો હતો, પણ આ પત્રને કારણે જ પ્રજા એમને 'અંગ્રેજનાં પિઠ્ઠુ' કહીને બોલાવે છે. એ સિવાય તાત્યા તોપે જેવા ઐતિહાસિક પાત્રની ચર્ચા પણ નવલકથામાં જોવા મળે છે.

નવલકથામાં આપણાં સમાજમાં જોવા મળતાં કુરિવાજો પર પણ કટાક્ષ કરવામાં આવ્યો છે, "ચારિત્ર્યનો વાઘો કેવળ સ્ત્રીએ જ પહેરવો પડે છે. સ્ત્રીની પાછળ પુરુષ 'સતો' થઈને ચિતામાં પ્રવેશ્યો હોય તેવો કોઈ દાખલો મેં વાંચ્યો નથી. સતી થતી સ્ત્રીઓના પતિઓ પોતે પણ જો એક પત્નીવ્રતાવાળા હોત તો પણ કદાચ મને એ ક્ષમ્ય લાગ્યું હોત." (ભાગ–1, પૃ. 252) ઉપરાંત 'દૂધનો દાઝ્યો છશ ફૂંકીને પીએ', 'એક મ્યાનમાં બે તલવાર ન રહે' જેવી કહેવતો તથા ગુજરાતી, હિન્દી, અંગ્રેજી એમ ત્રણ ભાષામાં લખાયેલી આ નવલકથા આપણને અનેકવાર વાંચવા લલચાવે એવી છે. ટૂંકમાં કહીએ તો સેજલસિંહનાં પિતા વિક્રમસિંહનું ભેદી વ્યક્તિત્વ, રહસ્યમય રીતે થતી અનેક હત્યાઓ, એક ભારતીય રાજકુમાર પર વારી જતી બબ્બે અંગ્રેજ યુવતિઓ (ગ્રેઈસ અને જીના), સેજલ અને સેનાનો પ્રણય, વચ્ચે વચ્ચે આવતાં નાનાં–મોટાં જંગ, મોગલ સલ્તનતનો ખજાનો,

Editors: Dr. Naresh Shukla, Prof. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr. Tanvi Shukla

રહસ્યમય ઘટનાઓનાં ગૂંફ ને એ બધી ઘટનાઓ પાછળ રાજેશ્વરીદેવી અને બાલીરામજીનો હાથ રહેલો છે એવું ધીમે ધીમે સ્ફૂટ થતું રહસ્ય નવલકથાને રોમાંચક બનાવે છે.

સંદર્ભપુસ્તક :

1. 'ઓથાર' ભાગ–1 – અશ્વિની ભટ્ટ, નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ, પ્ર.આ. 1984, પુનર્મુદ્રણ : 2009

2. 'ઓથાર' ભાગ–2 – અશ્વિની ભટ્ટ, નવભારત સાહિત્ય મંદિર અમદાવાદ, પ્ર.આ. 1984, પુનર્મુદ્રણ : 2001.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને મ્યુનિસિપલ આટ્‌ર્સ એન્ડ અર્બન બેંક સાયન્સ કોલેજ, મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આયોજિત રાષ્ટ્રીય પરિસંવાદ 'લોકપ્રિયસાહિત્ય સિદ્ધાંત અને કૃતિ ચર્ચા'માં રજૂ કરેલું શોધપત્ર.

ભરવાડ રાઘવભાઈ હરિભાઈ, યુ.જી.સી. નેટ સિનિયર રીસર્ચ ફેલો (પીએચ.ડી.), ગુજરાતી વિભાગ, આટ્‌ર્સ ફેકલ્ટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા – 390002, મો. નં. – ૯૯૭૯૩૩૮૯૯૪

Editors: Dr. Naresh Shukla, Prof. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr. Tanvi Shukla

પરિશિષ્ટ : ૪

'હિંદ સ્વરાજ' - કેટલાંક નિરીક્ષણો

Included in the UGC CARE List

ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal

Sahityasetu

Website: http://www.sahityasetu.co.in

Year-10, Issue-2, Continuous Issue-56, March-April 2020

' હિંદ સ્વરાજ' –કેટલાંક નિરીક્ષણો

ગુજરાતી સાહિત્ય પરિષદના બારમા અધિવેશનના પ્રમુખ મોહનદાસ કરમચંદ ગાંધી પાસેથી કેટલાંક નોંધપાત્ર પુસ્તકો પ્રાપ્ત થાય છે. તેમાં આજથી ૧૧૦ વર્ષ પહેલાં મૂળ ગુજરાતી ભાષામાં લખાયેલું ' હિંદ સ્વરાજ' મહત્ત્વનું પુસ્તક છે. તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' અને ' હિંદ સ્વરાજ' માંના લખાણે હંમેશા મને આકર્ષિત કર્યો છે. સત્યને શોધવાનો અને સત્યને પામવાનો તેમનો અભિગમ હૃદયગમ છે. સત્યાગ્રહી એટલે શું એ સમજાવતા તેઓ કહે છે કે, સત્યાગ્રહી થવા માટે મનુષ્યે બ્રહ્મચર્ય પાળવું જોઈએ, ગરીબાઈ ધારણ કરવી જોઈએ, નિર્ભય બનવું જોઈએ અને સત્યનું તો સેવન કરવું જ પડે. પછી ભલેને ગમે તેટલું નુકશાન થતું હોય તોપણ સત્યને છોડવું ન જોઈએ. અને આ બધું કરવા માટે પોતાના મન પર કાબુ મેળવવો જરૂરી છે.

' હિંદ સ્વરાજ' લંડનથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતાં આગબોટ પર લખાયું છે. આ પુસ્તક એક અનોખી પ્રયુક્તિ રૂપે લખાયેલું છે. એ પ્રયુક્તિ એટલે સંવાદની પ્રયુક્તિ. પ્રાચીનકાળમાં ગુરુ–શિષ્ય વચ્ચે સંવાદ થતો. ગીતામાં પણ કૃષ્ણ–અર્જુનનો સંવાદ જોવા મળે છે. ગાંધીજી સામયિકના તંત્રી હતા એટલે પોતે અધિપતિરૂપે સામયિકના વાચક સાથે સંવાદ કરે છે. આ નાનકડાં પુસ્તકમાં આપણને ગાંધીજીનો ખરો પરિચય મળી રહે છે. ગાંધીજી વિશે તથા તેમના વિચારોને જાણવાની ઈચ્છા ધરાવનાર માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે, કારણ કે તે ગાંધીવિચારનું પાયાનું પુસ્તક છે. ને એટલે જ લૉર્ડ લોધિયને પણ કહ્યું છે કે, "ગાંધીજી અત્યારે જે કંઈ ઉપદેશી રહ્યાં છે તે આ નાનકડી ચોપડીમાં બીજરૂપે પડેલું છે, અને ગાંધીજીને બરાબર સમજવા માટે એ ચોપડી ફરી ફરી વાંચવી ઘટે છે."(પૃ. 110) ગાંધીજીએ 'મારી વાણી એ જ મારું જીવન' એ સૂત્રને ચરિતાર્થ કરી બતાવ્યું છે. તેમણે આ પુસ્તકમાં માત્ર પોતાના વિચારો પ્રગટ કર્યાં છે એટલું જ નહીં, એ વિચારોને પોતાના જીવનમાં ઉતાર્યાં પણ છે.

ગાંધીજીએ આ પુસ્તકમાં 'સ્વરાજ' અંગેની પોતાની કલ્પના રજૂ કરી છે. તેમના મતે સ્વરાજ એટલે આપણાં મનનું રાજ્ય. અને આ સ્વરાજ વિષયક તમામ પાસાંઓની વિચારણા રજૂ કરી છે. આપણે એમ માનીએ છીએ કે 'સ્વરાજ' એટલે અંગ્રેજો આપણાં દેશમાંથી જતા રહે તે. પરંતુ ગાંધીજીને મતે અંગ્રેજો જતા રહે એ જ માત્ર સ્વરાજ નથી, આપણી ઉપર આપણે રાજ્ય ભોગવીએ તે જ સ્વરાજ છે. આપણી પોતાની ગુલામી જાય તો હિંદુસ્તાનની ગુલામી ગઈ એમ સમજવું. ટૂંકમાં તેઓ આપણા દેશને ' ઇંગ્લિસ્તાન' નહીં, પણ ' હિંદુસ્તાન' બનાવવા માંગે છે. આવું સ્વરાજ ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે પ્રજામાં જાગૃતિ આવે ત્યારે. લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડ્યા એટલે આપણે તેને હિંદુસ્તાનનો

દુશ્મન માનીએ છીએ. ગાંધીજીનો મત કંઈક જૂદો છે. પ્રજામાં જાગૃતિ આવી એની પાછળ લૉર્ડ કર્ઝનને તેઓ જવાબદાર ગણે છે. કર્ઝને સત્તાના કેફમાં આગળ–પાછળનું કંઈ જ વિચાર્યા વિના બંગાળના બે ભાગ કર્યાં, ને એથી પ્રજામાં જાગૃતિનો સંચાર થયો. ભાગલાના કારણે જ પ્રજામાં સહનશક્તિ વધી અને નવો જુસ્સો આવ્યો. સ્વરાજ મેળવવા માટે પ્રજામાં આવી જાગૃતિ અનિવાર્ય હતી.

ગાંધીજી સ્પષ્ટવક્તા હતા. અંગ્રેજોમાં શુદ્ધ ભાવ અને શુદ્ધ પ્રામાણિકતાનો અભાવ છે એમ તેઓ નિર્ભય બનીને કહેતા. એટલું જ નહીં, આધુનિક સુધારાને 'કુધારો' કહેતા પણ ખચકાયા નથી. રહેવા માટે ઝૂંપડાંમાંથી સારું ઘર બનાવવું, ચામડાના વસ્ત્રની બદલે મોટા લેંઘા ને અવનવા કપડાં પહેરવાં, ભાલાની જગ્યાએ 'બંદૂકડી' વાપરવી, ઉપરાંત મનુષ્ય દ્વારા પોતાના હાથપગને કષ્ટ આપ્યા વિના થતા અનેક મોજ–શોખ... વગેરેને ગાંધીજી સુધારો ગણતા નથી. તેમના મતે આ બધામાં સુધારો નથી, માત્ર શરીરસુખ રહેલું છે. તેઓ આવા સુધારાને ઘાસણી(ક્ષય)ના રોગ જેવો ગણે છે, જે ઉપરથી દેખાય તેવી ઈજા કરતો નથી, પણ છેવટે તો માણસનું મૃત્યુ થાય જ છે. તો અંગ્રેજો દ્વારા મળેલી શાંતિ કરતા ઠગ, પીંઢારા, ભીલ વગેરેના ત્રાસને તેઓ પસંદ કરે છે. કારણ કે, અંગ્રેજોની શાંતિએ માણસોને નામર્દ, બાયલા અને ભીરુ બનાવી દીધા છે. નામર્દ બની રહેવા કરતા તેઓ ભીલના તીર–કામઠાથી મરવાનું વધુ પસંદ કરે છે. ટૂંકમાં જેને આપણે સારું ગણીએ છીએ, સુધારો ગણીએ છીએ તેના પર ગાંધીજીએ પ્રહારો કર્યાં છે.

ગાંધીજીના મતે હિંદુસ્તાનને કંગાલ બનાવવામાં ત્રણ બાબતોનો ફાળો રહેલો છે : રેલવે, વકીલ અને ડૉક્ટર. હિંદુ અને મુસલમાન વચ્ચે થયેલા વિરોધનું મૂળ પણ તેઓ આ ત્રણમાં જ જૂએ છે. બાપુનું રેલવેપુરાણ ઘણુંબધું કહી જાય છે. તેમાં તેમણે રેલવેને કારણે થતા નુકશાનો પર પ્રકાશ પાડ્યો છે. જેમ કે, રેલવેથી મરકી ફેલાય છે, દુષ્કાળ વધ્યા છે, દુષ્ટતા વધી છે અને પવિત્ર સ્થાનો અપવિત્ર થયાં છે. જો રેલવે ન હોત તો અમુક જ માણસો એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકત, જેથી ચેપી રોગો આખા દેશમાં ન ફેલાત. ઉપરાંત રેલવેના કારણે કેવી રીતે દુષ્કાળ તથા દુષ્ટતા વધી છે અને પવિત્ર સ્થાનો કેવી રીતે અપવિત્ર બન્યાં છે તેની માર્મિક સમજૂતી આપીને રેલવેનો ત્યાગ કરવાનો સંદેશ આપ્યો છે. ગાંધીજી પોતે વકીલ હતા છતાં વકીલોનો–જે વકીલાતને માત્ર પૈસા કમાવવાનો ધંધો ગણે છે તે– પણ વિરોધ કરે છે. કારણ કે વકીલોએ જ અંગ્રેજી સત્તા વધારીને હિંદુસ્તાનને ગુલામી અપાવી છે અને હિંદુ–મુસલમાનના ઝઘડા વધાર્યાં છે. તેઓ વકીલ અને જજને માસિયાઈ ભાઈ કહે છે. વળી ડૉક્ટરો વિશેનો તેમનો અભિપ્રાય પણ સમજવા જેવો છે. તેઓ કહે છે કે, ડૉક્ટરો માત્ર આડંબરથી લોકોની પાસેથી મોટી ફી લે છે. એટલું જ નહીં, પરંતુ પ્રજાનો ધર્મભ્રષ્ટ પણ કરે છે, કારણ કે ઘણીખરી દવામાં ચરબી અથવા દારૂ હોય છે. એટલે તેઓ પુસ્તકના અંતમાં વકીલ અને ડૉક્ટરે કેવી રીતે પોતાની ફરજ બજાવવાની છે તેની વિગતે ચર્ચા કરે છે. વળી તેઓ નોંધે છે કે, "એક શહેરમાં જ્યારે પૈસાની તંગી આવી ત્યારે ટ્રામની, વકીલની તથા દાક્તરની આવક ઘટી ને લોકો તંદુરસ્ત થયા." (પૃ. 95) અલબત્ત એ શહેર કયું તેનો તેઓ કોઈ ઉલ્લેખ કરતા નથી.

આધુનિક સુધારાની મુખ્ય નિશાની એટલે યંત્રો–સંચો. પરંતુ બાપુ તો તેને સુધારો નહીં, મહાપાપ ગણે છે. તેમને મન સંચો એક પ્રકારનો રાફડો છે, જે રાફડામાં સેંકડો સર્પ રહે છે. આજનો માનવી પૈસા પાછળ ગાંડો થયો છે. બાપુ એ પૈસાને કે વિષયને સર્પના દંશ કરતાં વધુ ભૂંડો/નુકશાનકારક માને છે. કારણ કે સર્પ કરડે ત્યારે દેહ લઈને છૂટકો કરે છે, જ્યારે પૈસો અથવા વિષય કરડે ત્યારે દેહ, જીવ, મન બધું લેતાં પણ છુટકારો થતો નથી. ને એટલે તેઓ સ્વદેશી વસ્તુઓ

Editors: Dr. Naresh Shukla, Dr. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr.Tanvi Shukla

જ વાપરવાની હાકલ કરે છે. તેમને બીજાનું–વિદેશી ખપતું નથી. આપણે સ્વદેશી ક્યારે થઈશું ? જ્યારે બધી જ વસ્તુઓ આપણી વાપરીશું ત્યારે જ સ્વદેશી બનીશું. અને આમ કરવા માટે બીજાની રાહ જોવાની નથી, શરૂઆત તો પોતાનાથી જ કરવાની છે. તો જ આપણને જોઈને બીજા એમ કરશે. અર્થાત્ આમ કરવાથી જ સંચાકામ/વિદેશી વસ્તુઓને જળમૂળથી ઉખેડી શકીશું. ને તો જ ખરા અર્થમાં આખો દેશ સ્વદેશી બનશે.

ગાંધીજીએ કેળવણી વિષયક પણ ઊંડી ચર્ચા કરી છે. તેમના મતે લોકો લખતાં, વાંચતાં, હિસાબ ગણતાં શીખે એ જ મૂળ અથવા પ્રાથમિક કેળવણી છે. આપણે અંગ્રેજી કેળવણી લેવાની નથી, કારણ કે અંગ્રેજી કેળવણી આપણને ગુલામ બનાવે છે. તેથી સ્વભાષામાં આપણે કેળવણી લેવી ઘટે. દરેક ધર્મે પોતાની ભાષામાં જ કેળવણી લેવી જોઈએ એમ તેઓ સ્પષ્ટપણે જણાવે છે. જેમ કે, હિંદુએ સંસ્કૃત, મુસ્લિમે અરબી, પારસીએ પર્શિયન અને આ દરેકને હિંદીનું જ્ઞાન તો અચૂક હોવું જોઈએ. અને તેમાં પણ ધર્મકેળવણી અને નીતિકેળવણી પહેલાં હોવી જોઈએ. દીર્ઘદ્રષ્ટા ગાંધીજીના આ વિચારો પ્રમાણે આપણે કેળવણી મેળવીએ તો જ ખરા અર્થમાં સ્વરાજની પ્રાપ્તિ થાય.

ગાંધીજીએ સ્વદેશ, સુધારા, સંચાકામ વિશે રજૂ કરેલા કેટલાંક વિચારોમાં હું સમંત નથી. યંત્રનો કરેલો આત્યંતિક વિરોધ શક્ય છે ? એ માની લેવો જોઈએ ? તેમના મતે, "આપણા પૂર્વજોએ જોયું કે સંચા વગેરેની જંજાળમાં માણસો પડશે તો પછી ગુલામ જ બનશે ને પોતાની નીતિ તજશે." (પૃ. 63) નર્મદ, નવલરામ વગેરેએ યંત્રોના સહારે સામયિક પ્રકાશિત કર્યા અને પ્રજામાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે, તે ખોટો છે ? તો ગાયની રક્ષા બાબતે રજૂ કરેલો તેમનો મત આશ્ચર્ય પમાડે છે. તેઓના મતે મુસલમાન ન માને અને ગાયનો વધ કરવા અડગ રહે તો પોતાનો પ્રાણ દેશે પણ મુસલમાનનો પ્રાણ નહીં લે. હું ગાય માટે મુસલમાનનો પ્રાણ લેવા કહેતો નથી, પરંતુ માત્ર હાથ જોડીએ અને તે ન માને તો હું ગાયને જતી ન કરું, એકાધિક પ્રયત્નો કરીને પણ ગાયના પ્રાણ બચાવું. તેમનો ચોર વિષયક મત પણ અજૂગતો છે. તેઓ કહે છે કે જેવો ચોર એવું તેમને ભગાડવાનું સાધન. હવે આપણે ચોર કોઈપણ હોય, તેને ભગાડવા તેના જ પ્રમાણેનું સાધન શોધવા જતા નથી. જે–તે સમયે જે મળ્યું એના દ્વારા જ આપણે એને ભગાડવાનો પ્રયત્ન કરીએ છીએ. વળી તેઓ તો ચોરને સુધારવા માટે દરવાજા ખુલ્લા રાખવાનું કહે છે. આ શક્ય છે ? અત્યારના સમયમાં તો નથી જ. ચોરને એકવાર કંઈક મળે તો તો એ વારંવાર આવે. કહેવાય છેને કે તમે આંગળી આપો તો એ તમારો આખો હાથ લઈ લે. એટલે ગાંધીજીના અન્ય વિચારોને નમન કરું, પણ આ હું સ્વીકારી શકતો નથી. આવા આત્યંતિક વિચારો તેઓ કઈ રીતે કરી શક્યા અને કેમ કર્યા, એની પાછળ રહેલી ભૂમિકા પણ જાણવી જરૂરી છે. વળી ગાંધીજીએ પ્રસ્તાવનામાં ચોખવટ કરી છે કે, મારા વિચાર ખોટા નીવડે તો તેને પકડી રાખવાનો તેઓ આગ્રહ રાખતા નથી. અહીં તેમના નિખાલસ વ્યક્તિત્વનો પરિચય થાય છે.

આ પુસ્તકની ભાષાની વાત કરીએ તો કેટલાંક શબ્દો ખટકે છે. જેમ કે, 'તમે જરા ખામોશ પકડશો તો તમને જે જોઈએ છે તે જ મળશે' માંનો 'ખામોશ' (પૃ. 24), 'નિમકવેરો' (પૃ. 28), 'ઇંગ્લંડ' (પૃ. 34), 'ગલત' (પૃ. 43), 'જડજ' (પૃ. 58) વગેરે શબ્દો બદલી શકાય. ઉપરાંત ગાંધીજી પ્રસ્તાવનામાં જણાવે છે કે એક અંગ્રેજ મહિલા મિત્રના કહેવાથી પાર્લમેન્ટ માટે વાપરેલો શબ્દ 'વેશ્યા' સુધારવા ઈચ્છે છે, પણ પુસ્તકમાં શરતચૂકથી સુધારી શક્યા નથી. પરંતુ પુનમના ચંદ્રમાં રહેલા કાળા ધબ્બાથી/ડાઘાથી તેની સુંદરતા ઓછી થતી નથી તેમ આવા કેટલાંક શબ્દોથી પુસ્તકની

Editors: Dr. Naresh Shukla, Dr. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr.Tanvi Shukla

સુંદરતામાં કોઈ ઘટાડો થતો નથી. ને એમાં પણ પોતાની વાત સમજાવવા જરૂર પડે ત્યાં પ્રયોજેલી કહેવતો પુસ્તકની સુંદરતામાં ઓર વધારો કરે છે. કેટલાંક ઉદાહરણ જોઈએ. 'ઉતાવળે આંબા ન પાકે' (પૃ. 24), 'મન ચંગા તો ઘેર બેઠે ગંગા' (પૃ. 49), 'મિયાંને ને મહાદેવને ન બને' (પૃ. 60) વગેરે...

આમ, 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીએ દેશ માટે ઉપયોગી એવા પ્રાથમિક મુદ્દાઓ તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે. મૃગજળ અને વાસ્તવિક જળ વચ્ચે જેવો ભેદ છે એવો 'સુધારો' તથા 'કુધારો' અને 'સ્વરાજ' તથા 'કુરાજ' વચ્ચે રહેલો ભેદ સમજાવ્યો છે. વળી, બ્રિટિશ સરકારની પદ્ધતિને સખત રીતે વખોડી છે. ટૂંકમાં કહીએ તો સત્ય અને અહિંસાના સિદ્ધાંતોના સ્વીકારમાંથી અંતે શું શું ફલિત થાય છે તેનો ચિતાર આ નાનકડા પુસ્તકમાં આપેલો છે.

સંદર્ભ :

'હિંદ સ્વરાજ' – મોહનદાસ કરમચંદ ગાંધી, નવજીવન ટ્રસ્ટ, પ. આ. 1922, સંવર્ધિત આવૃત્તિ, ઑક્ટોબર 2016

ભરવાડ રાઘવભાઈ હરિભાઈ, રીસર્ચ ફેલો (પીએચ.ડી.), ગુજરાતી વિભાગ, આર્ટ્સ ફેકલ્ટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા – 390002, મો. નં. – 9979338994

sahityasetu.co.in

Editors: Dr. Naresh Shukla, Dr. Hasmukh Patel, Dr. Bhavesh Jethava, Dr. Niyaz Pathan
Publisher: Dr.Tanvi Shukla